# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૨ તા.૨૬-૭-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

આથી તમામ મ્યુનિ. ઉચ્ચતર પ્રા.શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓ ને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે એસએસએ ની સ્ટેટ પ્રોજેકટ કચેરી, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ માટે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની ૨૮૧ ઉચ્ચતર પ્રા.શાળાઓમાં પ્રતિમાસ રૂ.૫૦૦.૦૦ લેખે ૨ માસ માટે કુલ રૂા.૧૦૦૦/- બ્રોડબેન્ડ (wired) ઈન્ટરનેટ કનેકિટવીટી માટે ગ્રાન્ટની ફાળવણી એસ.એમ.સી.એજયુકેશનના બેંક એકાઉન્ટમાં કરેલ છે. આમ, આ સાથે સામેલ યાદી મુજબ ૨૮૧ ઉચ્ચતર પ્રા.શાળાઓના ઈન્ટરનેટ કનેકિટવીટીના વપરાશ બીલોના ચૂકવણા માટે નીચેની સૂચનાઓને ધ્યાને લઈ ચૂકવવા આદેશ કરવામાં આવે છે.

૧. જો કોઈપણ વસ્તુની ખરીદી/ખર્ચ કરવાનો હોય તો તે રાજય સરકારશ્રીના પ્રર્વતમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાનો રહેશે.

૨. જે શાળાઓએ માર્ચ-૨૦૧૬ થી ઈન્ટરનેટ માટે પ્રતિમાસ રૂા.૭૦૨.૨૫ અથવા પ્રતિમાસ રૂા.૩૭૫.૦૦ મુજબ ખર્ચ કરીને બિલ પે કર્યું હોય તો તે શાળાઓએ હવે આગામી વર્ષ પ્રતિમાસ રૂા.૫૦૦ ની મર્યાદામાં મુજબ ખર્ચ કરીને બિલ પે સદર ગ્રાન્ટનો ઉપયોગ ઓગષ્ટ-૧૭ થી સપ્ટેમ્બર-૧૭ સુધી કરવાનો રહેશે.

૩. બે માસ બાદ જે શાળાઓની દૈનિક ઈન્ટરનેટ વપરાશ, ઈન્ટરનેટ સ્પીડ તેમજ ઈન્ટરનેટ વપરાશ માટે ઉપયોગમાં લેવાતા કોમ્પ્યુટરની સંખ્યા વગેરે માહીતી ઉપલબ્ધ નહી થાય તે શાળાઓ ને બે માસ પછી બાકીના માસની ગ્રાન્ટ ફાળવવાપાત્ર થશે નહી.

૪. જિલ્લા કક્ષાએથી ઈન્ટરનેટ કનેકશનના મોનિટરીંગ માટે એપ્લીકેશન તૈયાર થઇ રહેલ છે. જેની client એપ્લીકેશન શાળાઓ કક્ષાએ ઈન્ટરનેટનો ઉપયોગ થતો હોય તેવા તમામ કોમ્પ્યુટરોમાં ઈન્સ્ટોલ કરવાનુ રહેશે. આગામી ગ્રાન્ટ જરૂરિયાત અને ફાળવણી તેના આધારે કરવામાં આવશે. જે શાળાઓની ઈન્ટરનેટ વપરાશ વિગતો ઓનલાઈન મોનિટરીગ સીસ્ટમ મારફત નહી મળે એટલે કે client એપ્લીકેશન શાળાઓ કક્ષાએ ઈન્સ્ટોલ નહી થયેલ હોય તે શાળાઓને ગ્રાન્ટ ફાળવવાપાત્ર થશે નહી.

૫. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંન્ટનો શાળા કક્ષાએ ઈન્ટરનેટની સુવિધા માટે જ ઉપયોગ કરવાનો રહેશે. અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ.

૬. સદર ગ્રાન્ટ નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ અંતિત નાણાં વપરાશ પ્રમાણપત્ર, બચત રહેલ રકમ એસ.એસ.એ.ની કચેરીએ મોકલી આપવાના રહેશે.

૭. નવા કનેકશન કે કનેકશન ફેરબદલ માટે શરૂઆત ઇન્સ્ટોલેશન અને અનાવર્તક ખર્ચ શાળા કક્ષાએ ફાળવેલ ગ્રાન્ટ મયાર્દાથી વધતો હોય તેવા કિસ્સામાં શાળા કક્ષાએ બચત શાળા ગ્રાન્ટમાંથી ખર્ચ કરી ઈન્ટરનેટ કનેકશન મેળવી લેવાનું રહેશે.

૮. જે શાળાઓએ ઈન્ટરનેટ કનેકશન મેળવેલ હોય તે ૨૮૧ શાળાઓ માં પ્રતિમાસ રૂા.૫૦૦ ની મયાર્દામાં જ ઈન્ટરનેટ કનેકશન ના વપરાશ બીલોના ચૂકવણી શાળાઓના SMC કક્ષાએથી ચૂકવવાની રહેશે.

૯. ૨૮૧ શાળાઓમાં પ્રતિમાસ રૂા.૫૦૦ (અન્ય ટેક્ષા સહીત)ની મયાર્દામાં એસ.એમ.સી કક્ષાએ ઠરાવ કરી 3G અથવા 4G કનેકશન સ્પીડ ધરાવતી ઈન્ટરનેટ પ્રોવાયડેડ કંપનીનો પોસ્ટપેડ પ્લાન જ લેવાનો રહેશે.

૧૦. જે તે શાળા એ બીલોની ચૂકવણી ન કરતા ઈન્ટરનેટ પ્રોવાયડેડ કંપની તરફથી મેળવેલ કોર્ટ નોટીસ માટેની જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રીની રહેશે.

આમ, ઉપરોકત વિગતે શાળાઓને આપવામાં આવનાર બ્રોડબેન્ડ(wired) ઈન્ટરનેટ કનેકશન બાબતે કામગીરીમાં સરળતા રહે તે માટે શાળા (એસ.એમ.સી) કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરશો.

તા.૨૬-૭-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી